પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૩ • કુલ પાના : ૪ • તારીખ : ૧૬-૦૯-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સરદાર સરોવર ડેમ

# ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટીએ ભરાઇ ગયો, મુખ્યમંત્રીએ વધામણા કર્યા

નર્મદા,

ગુજરાતની જિવાદોરી નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળસપાટી પૂર્ણ કક્ષાએ એટલે કે ૧૩૮.૬૮ મીટરે પહોંચી છે. આના પરિણામે જળાશયમાં ૪.૭૩ મિલીયન એકર ફૂટ એટલે કે ૫.૭૬ લાખ કરોડ લીટર પાણીનો સંગ્રહ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર સરોવર ડેમ ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટીએ પહોંચવાની ગૌરવ ઘટનામાં સહભાગી થઈ મા નર્મદાના નીરના વધામણા ગુરૂવારે સવારે એકતાનગર પહોંચીને કર્યા હતા. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે સરદાર સરોવર નર્મદા ડેમ



સરદાર સરોવર નર્મદા બંધની જળ સપાટી ત્રીજીવાર પૂર્ણ કક્ષાએ પહોંચી

૨૦૧૯ અને ૨૦૨૦ પછી આ વર્ષે ત્રીજીવાર પૂર્ણ જળાશય સપાટીએ છલકાયો છે.

એકતાનગર ખાતે નમામી દેવી નર્મદે ના મંત્રોચ્ચાર સાથે આયોજિત નર્મદા મહોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જોડાયા હતા અને મા નર્મદાના જળના તેમણે શ્રીફળ ચુંદડીથી વધામણાં કર્યા હતા. આ વર્ષે થયેલા વ્યાપક વરસાદને પરિણામે નર્મદા બેસિન અને ડેમમાં પાણીની સારી આવક થઈ છે. પાણીનો આ આવરો થવાથી રાજ્યના ગામો ,નગરો અને શહેરોમાં આગામી ઉનાળાની સીઝન સુધી પુરતું પાણી આપી શકાશે અને પાણીની તંગીનો સામનો કરવાની સ્થિતિ ઊભી થશે નહીં. એટલું જ નહીં નર્મદા કમાન્ડ વિસ્તારના બધા ગામોના ખેડૂતોને રવી પાકની સિંચાઈના હેતુ માટે નર્મદાનું પર્યાપ્ત પાણી મળશે. આ ઉપરાંત નર્મદા ડેમમાં પાણીની વધુ ઉપલબ્ધિને કારણે સૌરાષ્ટ્રમાં સૌની યોજના તેમજ ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ અને અન્ય ઉદવહન યોજનાઓ માટે હાલ નર્મદા જળ આપવામાં આવી રહ્યા છે.

ગુજરાતના ૯૧૦૪ ગામો, ૧૬૯ શહેરો અને ૭ મહાનગરપાલિકા મળી રાજ્યની ૪ કરોડથી વધુ જનસંખ્યાને પીવાના પાણી તરીકે નર્મદા જળ પહોંચી રહ્યા છે. એટલું જ નહિ, ૬૩,૪૮૩ કિલોમીટર લંબાઈના નહેરના કામો પૂર્ણ થઈ ગયા છે તેના પરિણામે કચ્છ સહિત રાજયના ૧૭ જિલ્લાના ૭૮ તાલુકાની ૧૬.૯૯ લાખ હેક્ટર જમીનને સિંચાઈ સુવિધા મળે છે. નર્મદા મૈયાના પાવન જળ કેવડીયા એકતા નગરથી ૭૪૩ કિ.મીટરની યાત્રા પૂરી કરીને તાજેતરમાં જ કચ્છના છેક છેવાડાના વિસ્તાર મોડકુબા સુધી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને રાજય સરકારના ઈજનેરી કૌશલ્યથી પહોંચ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં દેશનું સુકાન સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં જ આ બહુ હેતુક સરદાર સરોવર નર્મદા ડેમને પૂર્ણ ઊંચાઇ સુધી લઇ જવાની મંજૂરી આપી હતી અને ગુજરાતના વર્ષો જુના પ્રશ્નનો અંત લાવી રાજ્યને ઉજ્વળ ભાવિની દિશા આપી હતી રાજ્ય સરકારે પણ મંજૂરી મળ્યાના દિવસથી જ કામગીરીનો આરંભ કરીને નર્મદા બંધની પૂર્ણ ઊંચાઇ સુધી પહોંચાડવાનું કાર્ય નિયત સમય કરતાં ૭ મહિના વહેલું પુર્ણ કરી દીધું હતું. વડાપ્રધાનના જ વરદહસ્તે ૨૦૧૭ની ૧૭મી સપ્ટેમ્બરે આ બહુહેતુક યોજના રાષ્ટ્રને અર્પણ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૯માં નર્મદા ડેમ ૧૩૮.૬૮ મીટરની પૂર્ણ કક્ષાએ ભરાતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નર્મદા નીરના વધામણાં કર્યા હતા. ૨૦૨૦માં પણ ડેમ પૂર્ણ કક્ષાએ ભરાઇ ગયો હતો અને હવે ત્રીજીવાર ૨૦૨૨માં ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટીએ ડેમ ભરાઇ જતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદા મૈયાનું પૂજન અર્ચન કરી જળ વધામણાં કર્યા હતા.

### બે વર્ષ બાદ આર્મેનિયા-અઝરબૈજાન વચ્ચે ફરી સંઘર્ષ

# આ વખતે ગેસના કારણે બંને દેશ સામસામે, લડાઈમાં ૧૦૦ સૈનિકોના મોત નિપજયાં

નાગોનો,

રશિયા-યુક્રેન યુદ્ધ અને ચીન દ્વારા તાઈવાન પર હુમલાની આશંકા વચ્ચે વધુ એક યુદ્ધનું જોખમ ઉભું થયું છે. અઝરબૈજાન અને આર્મેનિયા વચ્ચે સરહદ પર યુદ્ધ ચાલી રહ્યું છે. સોવિયત યુનિયનનો હિસ્સો રહેલા બે દેશો બે વર્ષ પહેલા નાગોર્નો-કારાબાખના કબજા માટે યુદ્ધ લડી ચૂક્યા છે. જેમાં અઝરબૈજાનની જીત થઈ હતી. જ્યારે, તાજેતરમાં નાગોર્નો-કારાબાખ અને આર્મેનિયા વચ્ચે સરહદી વિસ્તારમાં લડાઈ ચાલી રહી છે. નાગોર્નો કારાબાખ ૪૪૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો છે. તે અઝરબૈજાનનો ભાગ માનવામાં આવે છે, પરંતુ આર્મેનિયાને ટેકો આપતા જૂથો દ્વારા કબજો કરવામાં આવ્યો હતો.

અઝરબૈજાને આર્મેનિયા પર કારણ વગર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. દેશના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આર્મેનિયાએ સરહદી વિસ્તારોમાં ભારે તોપમારો કર્યો છે. આ હુમલાને રોકવા માટે ૫૦ જવાનો શહીદ થયા છે. જેમાં ૪૨ સૈનિકો અને ૮ સીમા સુરક્ષા દળના જવાનોનો સમાવેશ થાય છે. જ્યારે આર્મેનિયાએ કહ્યું કે અઝરબૈજાન અંધાધૂંધ બોમ્બમારો કરી સામાન્ય લોકોને નિશાન બનાવી રહ્યું છે. જેર્મુક, ગોરીસ અને કપાન શહેરો પર હુમલો કરવામાં આવ્યો



છે. વડાપ્રધાન નિકોલ પશાનિયાને જણાવ્યું હતું કે હુમલામાં અત્યાર સુધીમાં ૪૯ સૈનિકો માર્યા ગયા છે. જ્યારે ફાયરિંગમાં સામાન્ય નાગરિકો સહિત ૮૦ લોકો ઘાયલ થયા છે.

અઝરબૈજાનનો દાવો છે કે, માત્ર સૈન્યની છાવણી પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં સામાન્ય નાગરિકો પર કોઈ હુમલો કરાયો નથી. જવાબમાં આર્મેનિયાના રક્ષા મંત્રાલયે કહ્યું કે, અઝરબૈજાનના સામાન્ય નાગરિકો પર હુમલો ન કરવાનો દાવો ખોટો છે. હુમલાના પુરાવા પણ છે. તણાવના માહોલ વચ્ચે આર્મેનિયામાં પણ અઝરબૈજાન વિરુદ્ધ પ્રદર્શનો થયા છે.નાગોર્નો-કારાબાખના કબજા માટે બંને દેશો વચ્ચે ૩૦ વર્ષથી દુશ્મનાવટ છે. ૨૦૨૦ ના યુદ્ધ પછી, આ વિસ્તાર અઝરબૈજાનના કબજામાં હતો.

આર્મેનિયાનો સૌથી મોટો સમર્થક દેશ રશિયા હાલમાં યુક્રેનથી ઘેરાયેલો છે. રશિયાએ પશ્ચિમી દેશોને ગેસ સપ્લાય બંધ કરી દીધો છે. તેમજ અઝરબૈજાન ગેસનું ઉત્પાદન કરે છે. નિષ્ણાતોના મતે, અઝરબૈજાનને લાગે છે કે તે યુરોપિયન દેશોને ગેસના આધારે આર્મેનિયાને મદદ કરવા આગળ આવતા રોકી શકે છે.

અઝરબૈજાન સામે લડવા માટે આર્મેનિયાએ રશિયા પાસેથી મદદ માંગી છે. જો રશિયા આર્મેનિયા પાસેથી સૈન્ય મદદ માંગશે તો મોટા સંઘર્ષનું જોખમ રહેશે. આર્મેનિયાના વડાપ્રધાને ખુલ્લેઆમ કહ્યું છે કે તેમનો દેશ રશિયાની સાથે છે. અઝરબૈજાનનો તુર્કી સાથે સૈન્ય કરાર છે અને તુર્કી પોતાના સૈન્ય દળ વડે ઓછા સમયમાં આર્મેનિયાને ભારે નુકસાન પહોંચાડી શકે છે. એવામાં આર્મેનિયાને રશિયાથી મદદ મળવાની શક્યતા ઓછી છે. આ દરમિયાન રશિયાના નેતૃત્વ હેઠળની સુરક્ષા સહયોગ સંસ્થા કલેક્ટિવ સિક્યુરિટી ટ્રીટી ઓર્ગેનાઈઝેશનએ આર્મેનિયાના કહેવા પર મોસ્કોમાં એક ઈમરજન્સી બેઠક કરી હતી.સીએસટીઓએ નાટો જેવું જ છે. તેના બંધારણ હેઠળ એક દેશ પર હુમલો એ બધા દેશો પર હુમલો માનવામાં આવે છે. ખાસ વાત એ છે કે, આર્મેનિયા તેનો સભ્ય દેશ છે અને અઝરબૈજાને આ સંગઠન છોડી દીધું છે. અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઈલ્હામ એલિયેવે મંગળવારે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન સાથે ફોન પર વાત કરી હતી. બંને દેશના નેતાઓએ આર્મેનિયા સાથે ચાલી રહેલા સંઘર્ષના કારણે ઉભી થયેલી પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી. આ દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી એન્થોની બ્લિંકને પણ અઝરબૈજાનના રાષ્ટ્રપતિ સાથે વાત કરી છે. અઝરબૈજાનના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુએસ સ્ટેટ સેક્રેટરીએ વર્તમાન પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. બ્લિંકને બંને દેશોને શાંતિ જાળવવા અને તણાવ ઓછો કરવા અપીલ પણ કરી હતી.

# ફિચે ભારતના GDP લક્ષ્યાંકમાં કર્યો ઘટાડો : અમેરિકા-યુરોપમાં મંદીના ભણકારા

નવીદિલ્હી,

મોંઘવારી અને તેને ડામવા કરવામાં આવી રહેલ વ્યાજદર વધારાની અસર ભારત સહિત વિશ્વના અર્થતંત્ર પર પડવાની આશંકાઓ વધતી જઈ રહી છે. ભારત સરકારના રદિયા છતા રેટિંગ એજન્સીઓને ભારતના વિકાસ પથ પર આશંકા સેવી રહી છે.





દિગ્ગજ રેટિંગ એજન્સી ફિચે ભારતના જીડીપી વૃદ્ધિ અનુમાનમાં ઘટાડો કર્યો છે ફિચે તાજેતરના રિપોર્ટમાં કહ્યું કે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ભારતની આર્થિક વૃદ્ધિનો અંદાજ ઘટાડીને ૭ ટકા કર્યો છે. જૂન ૨૦૨૨માં આ અનુમાન ૭.૮ ટકા અંદાજવામાં આવ્યું હતુ. આ સાથે હ્વ૨૪ માટે વૃદ્ધિનો અંદાજ ઘટાડીને ૬.૭ ટકા કરવામાં આવ્યો છે, જે અગાઉ ૭.૪ ટકા હતો.

ફિચે જણાવ્યું કે નાણાંકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં ૧૩.૫ ટકા વાર્ષિક વૃદ્ધિ સાથે અર્થતંત્રમાં સુધારો થયો છે પરંતુ તે અમારા ૧૮.૫ ટકા વૃદ્ધિના અનુમાનથી નીચે છે. જોકે સિઝનલી એડજસ્ટેડ અંદાજો ત્રિમાસિક ધોરણે ૩.૩ ટકાનો ઘટાડો દર્શાવે છે. વૈશ્વિક અર્થવ્યવસ્થાની સ્થિતિ વધતી જતી મોંઘવારી અને કડક મોનિટરી પોલિસીને ધ્યાનમાં રાખીને અર્થતંત્રમાં મંદીની આશંકા છે.

એજન્સીના મતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આ વર્ષના અંત પહેલા રેપો રેટ વધારીને ૫.૯ ટકા કરશે. આરબીઆઈનું ફોકસ ફુગાવો ઘટાડવા પર છે પરંતુ વ્યાજદરના નિર્ણય દેશના અર્થતંત્રને વધુ ખરાબ અસર ન પહોંચાડે તે પ્રમાણે "વ્યવસ્થિત, સમતુલનમાં અને ઝડપથી" લેવામાં આવશે. ભારતમાં વ્યાજદર ટૂંક સમયમાં જ પીક પર પહોંચશે અને આવતા વર્ષે ૬ ટકા પર રહેશે તેમ ફિચે ઉમેર્યું હતુ.

વૈશ્વિક વૃદ્ધિના સંદર્ભમાં ફિચે કહ્યું કે ૨૦૨૨માં ગ્લોબલ ર્હ્વ વૃદ્ધિ ૨.૪ ટકા રહેવાની અપેક્ષા રાખે છે, જે જૂનના અનુમાનથી ૦.૫ ટકા પોઈન્ટ ડાઉનગ્રેડેડ છે. આ સિવાય ૨૦૨૩ માટે વૃદ્ધિનું અનુમાન ૧ ટકા ઘટાડીને ૧.૭ ટકા કરવામાં આવ્યું છે. યુરોપના દેશો માટે એનર્જીના ભાવ સૌથી મોટી સમસ્યા છે. યુરોઝોન અને બ્રિટન આ વર્ષના અંતમાં મંદીમાં ગરકાવ થશે અને અપેક્ષા છે કે અમેરિકામાં ૨૦૨૩ના મધ્યમાં હળવી મંદી જોઈ શકાય છે. અમેરિકાનો વૃદ્ધિ દર ૨૦૨૨ માટેનો અંદાજ ૧.૨ ટકા ઘટાડીને ૧.૭ ટકા અને ૨૯૨૩ માટે ૦.૫ ટકા ઘટાડીને ૧.૦ ટકા કરવામાં આવ્યો છે.

# જમ્મુ અને કાશ્મીરના રાજોરીમાં બસ ખીણમાં પડી : ૭ના મોત

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરમાં ૨૪ કલાકમાં બીજો મોટો માર્ગ અકસ્માત થયો છે. રાજોરીમાં આ ભયાનક અકસ્માતમાં એક બસ ખાડામાં પડી છે. જેમાં અનેક લોકો માર્યા ગયા અને ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ દુર્ઘટનાના સમાચાર મળતાની સાથે જ સેના, પોલીસ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને બચાવ કાર્ય ચાલુ છે.સ્થાનિક પ્રશાસન તરફથી મળેલી માહિતી અનુસાર, ઘટનાસ્થળેથી અત્યાર સુધીમાં ૭ મૃતદેહો મળી આવ્યા છે. તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનેલી આ બસ પૂંચથી જમ્મુ જઈ રહી હતી.

તમને જણાવી દઈએ કે આ પહેલા બુધવારે જમ્મુ અને કાશ્મીરના પૂંચ જિલ્લાના મંડી તહસીલની સરહદે આવેલા સાવજિયાના બુરારી નાલા વિસ્તારમાં એક સ્પીડ ઓવરલોડ મિનિબસ ૨૫૦ ફૂટની ખીણમાં પડી જતાં ૧૨ મુસાફરોના મોત થયા હતા. જ્યારે આ જ અકસ્માતમાં ૨૮ ઘાયલ થયા હતા. મૃતકોમાં ત્રણ શાળાના વિદ્યાર્થીઓ અને ચાર મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માતમાં ૧૦ શાળાના વિદ્યાર્થીઓ પણ ઘાયલ થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે નિયમોની અવગણના કરીને આ બસમાં વધુ મુસાફરો ભરવામાં આવ્યા હતા. ૨૪ સીટરની આ બસમાં ક્ષમતા કરતા ૪૦ જેટલા લોકો હતા.

બુધવારે થયેલા આ માર્ગ અકસ્માતમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. તે જ સમયે, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ મૃતકોના આશ્રિતોને પાંચ-પાંચ લાખ રૂપિયા અને ઘાયલોને એક-એક લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી.

# ઝારખંડ સરકારે અનામતમાં વધારો કર્યો

રાંચી,

બુધવારના રોજ ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની અધ્યક્ષતામાં કેબિનેટે બે મોટા નિર્ણયો લીધા હતા. ઝારખંડમાં વર્ષ ૧૯૩૨ની ખાતિયાન આધારિત સ્થાનિક નીતિને મંજૂરી આપવાની સાથે જ ઓબીસી એસટી અને સુપ્રીમ માટે અનામત વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ બન્ને બિલને ધારાસભામાં પાસ કરાવ્યા બાદ કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે. કેન્દ્રને આ બન્ને બિલને ૯મી અનુસૂચિમાં સામેલ કરવા વિનંતી કરવામાં આવશે. આ બિલ ૯મી અનુસૂચિમાં સામેલ થયા પછી જ ઝારખંડમાં લાગૂ થશે.

ઝારખંડ સરકારની કેબિનેટે બુધવારના રોજ રાજ્યમાં પદો અને સેવાઓની ખાલી જગ્યાઓમાં અનામત અધિનિયમ ૨૦૦૧માં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સેવાઓમાં અનામતની કુલ મર્યાદા હવે ૫૦ ટકાથી વધારીને ૭૭ ટકા કરવામાં આવશે. આ બેઠકમાં કેબિનેટે OBC, ST અને SCની અનામત વધારવાના બિલના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

કેબિનેટે SCને ૧૨ ટકા, એસટીને ૨૮ ટકા તથા આર્થિક રીતે પછાત વર્ગ માટે ૧૦ ટકા અનામતને મંજૂરી આપવામાં આવી છે. અગાઉ STને ૨૬ ટકા અનામત પ્રાપ્ત હતી. તેમાં ૨ ટકા વધારવાનો પ્રસ્તાવ છે. SC માટે હજુ પણ ૧૦ ટકા અનામત લાગુ છે. તેને ૧૨ ટકા કરવાનો પ્રસ્તાવ છે.

# ત્રિલોકીનાથ વિષ્નુ મંદિર વિવાદ : કૌભાંડીઓ અને સાગરીતો સામે ગુનો દાખલ કરવા કોર્ટનો હુકમ

હિંમતનગર,

લાખો શ્રધ્ધાળુઓના આસ્થાનું કેન્દ્ર અને મહત્વના ઐતિહાસીક તિર્થસ્થાન ગણાતા શામળાજીના ત્રિલોકીનાથ વિષ્નુ મંદિરના વહિવટમાં ગેરરીતીઓ આચરી લાખો રુપીયાનું કૌભાંડ આચરવાના સનસનીખેજ પર્દાફાશ થતાં લાખો લોકોમાં ખળભળાટ મચી ગયો હતો.

આ અંગે ફરિયાદી પક્ષ તરફથી જુગલ ઉપાધ્યાએ એઆરલાઈન ન્યુઝને આપેલી માહિતી અનુસાર કોર્ટમાં રજુ કરાયેલા પુરાવાઓ ધ્યાનમાં લઈ કૌભાંડના સુત્રધાર પ્રફુલ ઉપાધ્યાય અને તેના સાગરીતો સામે છેતરપીંડી.ઠગાઈ, ઉચાપત અને કાવતરું રચવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધવા હુકમ કર્યો છે.

આ અગે ફરિયાદી પક્ષ તરફથી જુગલ ઉપાધ્યાએ એઆરલાઈન ન્યુઝને આપેલી માહિતી અનુસાર કોર્ટમાં રજુ કરાયેલા પુરાવાઓ ધ્યાનમાં લઈ કૌભાંડના સુત્રધાર પ્રફુલ ઉપાધ્યાય અને તેના સાગરીતો સામે છેતરપીંડી.ઠગાઈ, ઉચાપત અને કાવતરું રચવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધવા હુકમ કર્યો છે.

તેમણે કહ્યું કે નવનિયુક્ત સેક્રેટરી દ્વારા ટ્રસ્ટના હિસાબોની ચકાસણી કરતાં લાખો રુપીયાનું કૌભાંડ બહાર આવતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા.જે અંગે ભીલોડા કોર્ટ તથા ટ્રસ્ટ કમિશનરની કચેરીમાં ફરિયાદો કરાઈ હતી.જે કૌભાંડ અંગેના સજ્જડ પુરાવા કોર્ટમાં રજુ કરાયા હતા.

# સેન્સેક્સ અને નિફ્ટી તૂટીને બંધ થયા

ગઈ કાલના કડાકામાંથી આજે ફરી તેજીના માહોલમાં ખુલેલા બજારની તેજી લાંબો સમય ટકી નહીં અને વળી પાછા સેન્સેક્સ અને નિફ્ટી તૂટીને બંધ થયા. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સૂચકઆંક સેન્સેક્સ ૪૧૨.૯૬ પોઈન્ટના ઘટાડા સાથે ૫૯૯૩૪.૦૧ ના સ્તરે અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકઆંક નિફ્ટી ૧૨૬.૪૦ના ઘટાડા સાથે ૧૭૮૭૭.૪૦ ના સ્તરે બંધ થયો.

મંદીના માહોલમાં પણ કેટલાક શેરોમાં ખરીદી જોવા મળી. નિફ્ટી ટોપ ગેઈનર્સમાં મારુતિ સુઝૂકી, આઈશર મોટર્સ, અદાણી પોર્ટ્સ, પાવર ગ્રિડ કોર્પ, એનટીપીસીના શેર જોવા મળ્યા. જ્યારે સેન્સેક્સ ટોપ ગેઈનર્સમાં મારુતિ સુઝૂકી, પાવર ગ્રિડ કોર્પ, એનટીપીસી, એચડીએફસી, ભારતી એરટેલના શેર જોવા મળ્યા.

જે શેરમાં સૌથી વધુ વેચાવલી જોવા મળી તેમાં ટેક કંપનીના શેર સામેલ રહ્યા. નિફ્ટી ટોપ લૂઝર્સમાં હિન્દાલ્કો, ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રા, સિપ્લા, હીરો મોટરકોર્પના શેર રહ્યા જ્યારે સેન્સેક્સ ટોપ લૂઝર્સમાં ટેક મહિન્દ્રા, ઈન્ફોસિસ, ઈન્ડસઈન્ડ બેંક, ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વના શેર જોવા મળ્યા.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

એચ. એન.કે વોરા

તરફથી અભીનંદન....

મુ. વાવકુલ્લી,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

એસ. એફ. વોરા

તરફથી અભીનંદન....

મુ. પાદરડી,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

## ઓન લાઈન ટેન્ડરીંગ

## જાહેર નિવિદા નં.૧૬, સને.૨૦૨૨-૨૩

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દવારા માન્ય દવારા ઈજારદારશ્રીઓ પાસેથી નાળાકામ, પુર સંરક્ષણ દિવાલ તથા સ્મશાનગૃહના કામના રૂા.૪૨.૪૮ લાખ કિંમતના ટેન્ડર માંગવામાં માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો http;/rnb.nprocure.com. વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફટ/એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેરશ્રી, મહિસાગરને રજુ કરવાના રહેશે.

### ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૨૭/૦૯/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૨૮/૦૯/૨૦૨૨ સમય ૧૨.૦૦ કલાક |

માહિતી/ગોધરા/૫૨૪/૨૦૨૨

# જિલ્લા કક્ષાનો ૩૬મી નેશનલ ગેમ્સ અવેરનેસ કેમ્પેઈન પી એન પંડ્યા કોલેજ, લુણાવાડા ખાતે યોજાયો

મહીસાગર,
૩૬મી નેશનલ ગેમ્સ ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તે હેતુથી તથા શાળા,કોલેજ અને યુનિવર્સિટીમાં રમતગમતની પ્રવુર્તિઓને પ્રોત્સાહન મળે તે માટે ‘‘celebrating unity through sports’’ના થીમ હેઠળ રાજ્યની તમામ કોલેજ, યુનિવર્સિટી અને શાળા કક્ષાએ આયોજન થઈ રહ્યું છે.

રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત ૩૬મી નેશનલ ગેમ્સ અવેરનેસ કેમ્પેઈન જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પી એન પંડ્યા કોલેજ, લુણાવાડા ખાતે આદિજાતિ વિકાસ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગ મંત્રી નિમિષાબેન સુથારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી નિમિષાબેન સુથારે જણાવ્યું કે, ગુજરાતના રમત ગમતના પીરામીડની ટોચ પર આવી રહ્યું છે. શક્તિદૂત યોજના હેઠળ રાજ્યના શ્રેષ્ઠ ખેલાડીઓને તાલીમ આપવમાં આવે છે. ભારતીય રમત તેના ઈતિહાસના સૌથી મહત્વપૂર્ણ તબક્કામાં પસાર થઈ રહી છે. કારણ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

કે, આપણા ખેલાડીઓ તાજેતરમાં સમાપ્ત થયેલી કોમનવેલ્થ ગેમ્સ,ટોકયો ઓલિમ્પિક, ડેફલિમ્પિક ગેમ્સ,થોમસ કપ અને ઉબેર કપ ૨૦૨૨માં રાષ્ટ્ર માટે નામના લાવી રહ્યા છે. આજે ગુજરાતના અગ્રણી ખેલાડીઓ સાથે હાજર રહીને હું તમામ ખેલાડીઓને આ ૩૬મી રાષ્ટ્રીય રમતમાં મહત્વપૂર્ણ લાભ લેવાની વિનંતી કરવા માગું છું.

વધુમાં મંત્રી નિમિષાબેને, હરમીત દેસાઈ, સોનલબેન પટેલ, ભાવિનાબેન પટેલ, યશતીકા ભાટિયા અને રાધા યાદવને કોમન-વેલ્થ ગેમ્સ ૨૨માં મેડલ જીતવા અને સમગ્ર રાજ્યને ગૌરવ અપાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે જણાવ્યું હતું કે, યુવાઓમાં રહેલ શકિતને બહાર લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેલ-મહાકુંભની શરૂઆત કરી હતી. બાળકોમાં રહેલ છુપાયેલ શકિતને બહાર લાવવા માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવે છે.

આ પ્રસંગે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે જણાવ્યું કે, આવનારા સમયમાં લુણાવાડામાં સ્પોટ્‌ર્સ કોમ્પલેક્ષનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેનાથી વિદ્યાર્થીઓ પોતાની અંદર છુપાયેલ શકિતને રમત દ્વારા ઉજાગર કરી આગળ વધશે.ગુજરાત સરકાર દરેક વિદ્યાર્થીઓની ચિંતા કરે છે. મહીસાગર જિલ્લાના વિદ્યાર્થીઓ જીતે તેવી શુભકામનાઓ ધારાસભ્યએ આપી હતી.

આ પ્રસંગે આસિસ્ટન્ટ કલેકટર સચિનકુમારે સ્વાગત પ્રવચન કર્યું હતું અને જિલ્લા રમત વિકાસ અધિકારી દક્ષેશ કહારે આભારવિધિ કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌકોઈએ ફિટ ઈન્ડિયા અંતર્ગત વ્યાયામ, ખેલકૂદ અને ફિઝીકલ એક્ટિવિટી નિયમિત કરવા અંગેના શપથ લીધા હતા.

આ પ્રસંગે મહીસાગર જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.અને જુડો ખેલાડી પટેલ ઈસીતાબેન રાજેશભાઇ, એન.સી.સી, આઈ.ડી.સી.કેમ્પ દિલ્હી ૨૦૨૨ દરજી જીમીકુમારને પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

મંત્રી નિમિષાબેન સુથાર અને ઉપસ્થિત મહાનુભાવો કાર્યક્રમ બાદ દોડ, કબ્બડી, વોલીબોલ અને રસ્સાખેંચ જેવી વિવિધ રમત નિહાળી હતી.

આ પ્રસંગે કલેકટર ડો.મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, પોલીસવડા આર.પી. બારોટ, નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન, જિલ્લા રમત ગમત અધિકારી હર્ષાબેન સહિત મોટી સંખ્યાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખાનપુર તાલુકામાં આવેલ ભાદર ડેમ છલકાતા ડેમ માંથી ૧૦૧૭ કયુસેક પાણી છોડાયું


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ ભાદર ડેમના ઉપરવાસ અને ડેમના કેચમેટ વિસ્તારમાં વરસી રહેલા સારા વરસાદના પગલે ભાદર ડેમમાં સતત પાણીની આવક નોંધાઈ રહી છે. તેવામાં ડેમનું રૂલ લેવલ જાળવવા માટે ડેમ પ્રસાસન દ્વારા હાલ ડેમનો ૧ ગેટ ૩૦ સેન્ટિમીટર ખોલીને ભાદર નદીમાં ૧૦૧૭ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જેની સાથે ડેમનું હાલનું લેવલ ૧૨૩.૭૨ મીટર પર પોહચ્યું છે અને ડેમનું કુલ લેવલ ૧૨૩.૭૨ છે. ઉપરવાસ માંથી ડેમમાં ૧૦૧૭ ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે. જેથી ડેમનું રૂલ લેવલ જાળવવા માટે જેટલા પાણીની આવક થઈ રહી છે. તેટલું પાણી છોડવામાં આવી રહ્યું છે.

ભાદર ડેમ સતત ઓવરફલો થતા ભાદર નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે ભાદર નદી હાલ બે કાંઠે વહી રહી છે. તો બીજી બાજુ ભાદર ડેમ છલકાતાં મહીસાગર જિલ્લાના ખાનપુર, લુણાવાડા અને વીરપુર તાલુકાના ખેડૂતોને તેનો ફાયદો થશે. ભાદર ડેમ આ ત્રણે તાલુકામાં ૮ હજાર હેકટર જમીનમાં પાણી પહોંચાડે છે. જેથી ડેમ ૧૦૦% ભરાતાં ખેડૂતોમાં હાલ ખુશી જોવા મળી રહી છે.

## સંતરામપુર ખાતે આંગણવાડી બહેનોએ પડતર માંગણીઓને લઈ રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપ્યું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં ઘટક એક અને બે આંગણવાડી બહેનો વિવિધ માંગણીઓને લઈને પ્રાંત કચેરીથી રેલી યોજીને મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવેલું અને અમને સરકારી નોકરીમાં સમાવેશ કરો અને કાયમી કરો વિવિધ માંગણીઓને લઈને મામલતદારને આવેદનપત્ર આપવામાં આવેલું હતું. મોટી સંખ્યામાં આંગણવાડી બહેનો રેલી અને આવેદનપત્રમાં જોડાયા હતા.


સંતરામપુર સંત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સરકારી કચેરીમાં વિઝીટ કરાઈ. સંતરામપુર સંત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સરકારી કચેરીઓમાં ભારતીય સ્ટેટ બેન્ક, પોલીસ સ્ટેશન, તાલુકા પંચાયત, મામલતદાર કચેરી વિવિધ સરકારી કચેરીમાં જઈને બાળકોને દરેક બાબતનું માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલું હતું.

## મહિસાગર જિલ્લા પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઇ

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના લુણાવાડા મથક ખાતે જિલ્લા સેવા સદનના સભાખંડમાં રાજ્યના ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રી અર્જુનસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં તેમજ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો રાજ્ય મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૨-૨૩ ના આયોજન અંગે મહીસાગર જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા પ્રભારી મંત્રી અર્જુનસિંહ ચૌહાણે ગુજરાત પેટર્ન યોજના અંર્તગત



વર્ષ૨૦૨૨-૨૩ ના કુલ રૂપિયા ૧૩૧૧ લાખની જોગવાઈ સામે ૨૯૧૪ લાખના ૨૨૭૧ થયેલ કામોનુ વિડિયો પ્રેઝન્ટેશન નિહાળ્યુ. આ ઉપરાંત થયેલા કામો જલદી થાય તે માટે જરૂરી કામોના અંગે ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી જે તે વિભાગ દ્વારા બાકીના કામો પ્રક્રિયા હાથ ધરવા તેમજ આ યોજના હેઠળ ફાળવવામાં આવનાર ગ્રાન્ટના કામો સમય મર્યાદામાં પુર્ણ કરવા જણાવ્યુ હતું.

આ બેઠકમાં પ્રયોજના વહીવટદાર અસારીએ પ્રારંભમાં મંત્રીને આવકારી અને ગુજરાત પેટર્ન યોજના વર્ષ-૨૨-૨૩ ના આયોજન જિલ્લામાં કરવાની કામગીરી અંગે વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, અધિક નિવાસી ક્લેક્ટર સુથાર સહિત વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિ રહયાં હતા.

## દાહોદના દેલસર ગામે ચુંટણીની અદાવતે પાંચ ઈસમોએ ધિંગાણું મચાવતા ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના દેલસર ગામે ચુંટણીની અદાવતે પાંચ જણાએ ભેગા મળી એકને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૩મી સપ્ટેમ્બરના રોજ દાહોદ તાલુકાના ઉકરડી ગામે ગાતલા ફળિયામાં રહેતાં રાકેશભાઈ ગજુભાઈ માવી, સંજયભાઈ ગજુભાઈ માવી, વિનોદભાઈ રમુભાઈ માવી, વનરાજભાઈ રાજુભાઈ માવી તથા અર્જુનભાઈ વરસીગભાઈ માવીનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લાકડીઓ લઈ ઉકરડી ગામે વડલી ફળિયામાં રહેતાં વિક્રમકુમાર રૂમાલભાઈ પરમાર દેલસર ગામેથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે તેઓને રસ્તામાં રોકી બેફામ ગાળો બોલી, ચુંટણીની અદાવતે વિક્રમકુમારને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત વિક્રમકુમાર રૂમાલભાઈ પરમારે દાહોદ બી ડિવીઝનમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના કઠલા ગામે બાઈક સ્લીપ ખાઈ જતાં બાઈક પાછળ બેઠેલ વ્યકિતનું મોત

દાહોદ,
દાહોદ તાલુકાના કઠલા ગામે રસ્તાની વચ્ચે કુતરૂં આવી જતાં મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં મોટરસાઈકલની પાછળ બેઠેલ એક વ્યકિતને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૩મી જુલાઈના રોજ દાહોદ તાલુકાના ખંગેલા ગામે સીમળખેડી ફળિયામાં રહેતાં ભરતભાઈ ચુનીયાભાઈ મેડા પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પોતાની સાથે મોટરસાઈકલની પાછળ પોતાના ગામમાં રહેતાં ચુનીયાભાઈ દિતીયાભાઈને બેસાડી કઠલા ગામેથી પુરઝડપે અને ગફળત ભરી રીતે મોટરસાઈકલ હંકારી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે રસ્તામાં કુતરૂ આવી જતાં મોટરસાઈકલ સ્લીપ ખાઈ ગઈ હતી અને પાછળ બેઠેલ ચુનીયાભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાંતાં તેઓને હાથે પગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમ્યાન ચુનીયાભાઈનું મોત નીપજતાં આ સંબંધે ખંગેલા ગામે સીમળખેડી ફળિયામાં રહેતાં માનસીંગભાઈ દિતીયાભાઈ મેડાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં હિન્દી સપ્તાહની ઉજવણી કરાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુરની આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં હિન્દી વિભાગ દ્વારા હિન્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કાવ્ય પાઠ સ્પર્ધા, વાંચન સ્પર્ધા, સુલેખન સ્પર્ધા, ક્વિઝ, વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં કોલેજના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.૧૪ સપ્ટેમ્બરના રોજ હિન્દી સપ્તાહ સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ઉત્તર પ્રદેશથી રજત ગૃપ ઓફ કોલેજના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.આર જે. સિંહ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમણે વિષયના અનુસંધાનમાં પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. કોલેજના આચાર્ય ડો. અભય પરમાર પ્રસંગોચિત અભિવાદન કર્યું હતું. હિન્દી વિભાગના અધ્યક્ષ ડો. ઈશ્વરસિંહ રાઠવાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. માલીની ગૌતમ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. તેમજ અંતમાં આભાર વિધિ ડો. વિનોદ વણકર દ્વારા કરવામાં આવી હતી. હિન્દી સપ્તાહ સમારોહની ઉજવણીમાં સમગ્ર કોલેજના વિદ્યાર્થીઓનો ઉત્સાહ અનેરો જોવા મળ્યો હતો.

## આપની આજ.......

મેષ : આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

વૃષભ : આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે.

મિથુન : દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઈચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

કર્ક : આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો.

સિંહ : દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે. આજે તમે ઊંડા વિચારમાં ડૂબી જશો.

કન્યા : આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે. બેરોજગાર વ્યક્તિઓને રોજગાર મળે તેવી સંભાવના રહેશે.

તુલા : આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. વૃદ્ધ વ્યક્તિ પાસેથી પૈસા મળી શકે છે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃશ્ચિક : ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે. ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે.

ધનુ : આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે.

મકર : આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો.

કુંભ : આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. સમયસર કરાર પૂરો ન કરવા બદલ ટીકા થઈ શકે છે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન : આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે, કાર્યક્ષેત્રમાં વધુ ધ્યાન આપ્યા પછી પણ તમારે નાના ફાયદાથી સંતુષ્ટ થવું પડી શકે છે.

## મુખ્યમંત્રીની ખુરશીના બદલામાં ગુજરાતને વેદાંત-ફોક્સકોન ડીલ આપી, આવતીકાલે મુંબઈ વેચી દેશે’

શિવસેનાએ ફરી એકવાર મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે પર કટાક્ષ કર્યો છે. પાર્ટીએ ગુરુવારે તેના મુખપત્ર ‘સામના’માં લખ્યું, ‘તે નિશ્ચિત છે કે શિંદેએ તેમના મુખ્યમંત્રી પદના બદલામાં વેદાંત-ફોકસકોન ડીલ ગુજરાતને સોંપી દીધી છે. અમે આ આરોપ નથી લગાવી રહ્યા, પરંતુ તે અમારૂ સ્પષ્ટ માનવું છે.

શિવસેનાએ સામનાના તંત્રીલેખમાં લખ્યું છે કે આ ડીલ મહારાષ્ટ્રથી ગુજરાતમાં ખૂબ જ સરળતાથી ટ્રાન્સફર કરવામાં આવી હતી. ભાજપે એકનાથ શિંદેને કંપનીની તરફેણ કરવા કહ્યું અને તે થઈ ગયું. આ કોઈ આરોપ નથી પરંતુ અમારૂં સ્પષ્ટ માનવું છે. જેવી રીતે ફડણવીસે ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સેન્ટર મુંબઈથી ગુજરાતમાં ખસેડ્યું, તેમ એકનાથ શિંદેએ વેદાંત-ફોક્સકોન ડીલ ગુજરાતને સોંપી. આવતીકાલે તેઓ મુંબઈને પણ વેચી દેશે.



શિવસેનાએ કહ્યું કે આ તો માત્ર શરૂઆત છે. વેદાંત-ફોક્સકોન ડીલ નાની છે. સ્પષ્ટ છે કે બીજેપીએ શિંદેને કહ્યું કે અમે તમને સીએમ બનાવ્યા છે. તમારા ધારાસભ્યોને કરોડો રૂપિયા આપ્યા, હવે તમે મહારાષ્ટ્રની તિજોરીની ચાવી અમને સોંપો. રાજ ઠાકરેએ મામલાની તપાસની માંગ પર લખ્યું કે, તેમણે ચિંતા વ્યક્ત કરી તે સારી વાત છે, પરંતુ આરોપી તેમનો મિત્ર ભાજપ છે. હવે મહારાષ્ટ્રના વિકાસના તમામ એન્જિન ગુજરાત તરફ વળશે.

સામનામાં કહેવામાં આવ્યું છે કે મહારાષ્ટ્રના વિકાસને રોકવા માટે શિંદેને સીએમ બનાવવામાં આવ્યા છે. શિંદે સુરત અને ગુવાહાટીમાં તેમના ધારાસભ્યોના જૂથને ખાતરી આપી રહ્યા હતા કે ડરવાનું કંઈ નથી. હવે અમારી પાસે એક મહાન શક્તિ અમને ટેકો આપી રહી છે. આપણને જે જોઈએ છે તે મળશે. શાબાશ શિંદે! તમને જે જોઈએ છે તે મળ્યું છે, પરંતુ મહારાષ્ટ્રના યુવાનો પાસેથી તેમની રોજગારીની તકો છીનવી લેવામાં આવી છે.

સામનાનો આ સંપાદકીય વેદાંત-ફોક્સકોન ડીલના વિવાદ વચ્ચે પ્રકાશિત થયો છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે એકનાથ શિંદે અમારા ૪૦ ધારાસભ્યોને જ નહીં પરંતુ મહારાષ્ટ્રના મોટા પ્રોજેક્ટને પણ ગુજરાતમાં લઈ ગયા હતા. આપણા રાજ્યમાં બે લાખ કરોડ અને એક લાખ રોજગારીની તકો ગુમાવવા માટે જવાબદાર કોણ?

બીજી તરફ વેદાંતા ગ્રૂપના ચેરમેન અનિલ અગ્રવાલે સ્પષ્ટતા કરી હતી કે આ પ્રોજેક્ટ માટે ગુજરાતને થોડા મહિના પહેલા સ્વતંત્ર રીતે પસંદ કરવામાં આવ્યું હતું. આ અંગે આદિત્ય ઠાકરેએ કહ્યું કે, બે અલગ-અલગ પ્રોજેક્ટ વચ્ચે ભ્રમ પેદા કરવા માટે કેટલીક બાબતોને જાહેર કરવામાં આવી રહી છે. ફોન એસેમ્બલી યુનિટ માટે ફોક્સકોન ડીલ પર અગાઉની અઘાડી સરકાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, વેદાંત-ફોક્સકોન ૨૦૨૨ માં લોન્ચ કરવામાં આવી હતી.

વેદાંત-ફોકસકોન ઈ૨૨ બિલિયનના રોકાણ સાથે સેમિકન્ડકટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા જઈ રહી છે. આ પ્રોજેક્ટ અગાઉ મહારાષ્ટ્રમાં ફોક્સકોન દ્વારા સ્થાપવામાં આવનાર હતો. શિવસેનાનો દાવો છે કે અગાઉની મહા વિકાસ અઘાડી સરકારે આ માટે ફોક્સકોન સાથે જોડાણ કર્યું હતું. ફોક્સકોન સ્માર્ટફોન ઉત્પાદનમાં તેની તકનીકી કુશળતા માટે લોકપ્રિય છે. તે એપલ ફોનના ઉત્પાદનમાં પણ સામેલ છે.

## ચીફ જસ્ટીસની નવી વ્યવસ્થા સામે સુપ્રિમ કોર્ટની બેંચે જ સવાલ ઉઠાવ્યા

નવીદિલ્હી,
દેશની સર્વોચ્ચ અદાલતમાં કેસોની સુનાવણી માટેની લીસ્ટીંગ પ્રક્રિયા સામે સુપ્રિમ કોર્ટની જ બેંચે સવાલ ઉઠાવતા અસામાન્ય પરિસ્થિતિ ઉદ્દભવી છે. ચીફ જસ્ટીસે લાગુ કરેલી સિસ્ટમ સામે બે જજની બેંચે આકરી ટિપ્પણી કરી છે. સુપ્રિમ કોર્ટની જસ્ટીસ સંજય કિશન કૌલ તથા જસ્ટીસ અભય ઓકાની બેંચે એક ચૂકાદામાં ચીફ જસ્ટીસે દાખલ કરેલી નવી સિસ્ટમ સામે એવી લેખીત ટિપ્પણી કરી હતી કે કેસના અભ્યાસ માટે ન્યાયાધીશોને પર્યાપ્ત સમય મળતો નથી.

આ માટેનવી લિસ્ટીંગ પધ્ધતિ જવાબદાર છે. ચીફ જસ્ટીસ સામે જ બેંચ સવાલ ઉઠાવે તેવો ઘટનાક્રમ સુપ્રિમ કોર્ટમાં જવલ્લે જ બનતો હોય છે. ઉતરપ્રદેશના એક કેસની સુનાવણી દરમિયાન અસાધારણ ટિપ્પણી કરતાં બેંચે કહ્યું કે નવી લિસ્ટીંગ સિસ્ટમથી સુનાવણીમાં નિયત દલીલો પર વિચાર કરવા પર્યાપ્ત સમય મળતો નથી.

આ કેસમાં પણ સમાન હાલત થઈ છે એટલે સુનાવણી ૧૫ નવેમ્બર સુધી ટાળવામાં આવે છે. બપોર પછીના સત્રમાં પણ અનેક કેસો હાથ પર લેવાના હોવાથી મુદત પાડવામાં આવે છે. તાજેતરમાં જ ૪૯મા ચીફ જસ્ટીસ તરીકે કાર્યભાર સંભાળનારા યુયુ લલીતે તમામ ૩૦ જજો માટે બે-બે શિફટમાં કામગીરી ફરજીયાત બનાવી હતી.

નવી વ્યવસ્થા હેઠળ સોમથી શુક્રવાર સુધી તેઓ નવા કેસની સુનાવણી માટે ૧૫ અલગ અલગ બેંચમાં બેસે છે અને દરરોજ ૬૦ કેસોની સુનાવણી કરે છે. ત્રણ-ત્રણ જજની બેંચમાં મંગળ-બુધ અને ગુરુવારે સવારે ૧૦-૩૦ થી ૧ની પહેલી શિફટમાં જૂના કેસોની સુનાવણી કરવામાં આવે છે. બપોર બાદની બે-બે જજની બેંચ માટે ૩૦ નવા કેસ સોંપવામાં આવે છે. ત્રીજી શિફટમાં બે કલાકમાં ૩૦ કેસની સુનાવણી કરવાની થાય છે. એટલે ચાર મીનીટમાં એક કેસનો નિકાલ કરવાનો રહે છે. ચીફ જસ્ટીસે જો કે મંગળવારથી સંખ્યા ઘટાડીને ૨૦ની કરી નાખી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ૩૬ મી નેશનલ ગેમ્સ અવેરનેશ કેમ્પેઈન દાહોદ

# ૩૬ મી નેશનલ ગેમ્સ અવેરનેશ કેમ્પેઇન અંતર્ગત દેવગઢ બારીઆ ખાતે રાજયમંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો

દાહોદ,

ગુજરાત રાજ્યમાં ૩૬ મી નેશનલ ગેમ્સનું આયોજન કરાયું છે. ત્યારે દાહોદ જિલ્લામાં નેશનલ ગેમ્સ બાબતે જન જાગૃતિ આવે એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દેવગઢ બારીયા ખાતે આવેલા સ્વ.જયદીપસિંહજી રમત ગમત સંકુલ ખાતે રાજ્યમંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરની અદયક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો. રાજયમંત્રીએ ઉપસ્થિત નાગરિકો–ખેલાડીઓને નેશનલ ગેમ્સ વિશે વિગતે માહિતી આપી હતી અને નેશનલ ગેમ્સના આયોજન સંદર્ભે રાજ્ય સરકારની સજ્જતા વિશે જણાવ્યું હતું.

રાજ્ય સરકારે ૩૬ મી નેશનલ ગેમ્સનું યોગ્ય આયોજન કર્યું છે. નેશનલ ગેમ્સના આયોજન માટે ૩ થી ૪ વર્ષનો સમય અપાતો હતો. પરંતુ રાજ્ય સરકારે માત્ર ત્રણ મહિનાના ટૂંકાગાળામાં આ રમતોનું આયોજન કરવાનું અસંભવ કાર્ય કર્યું છે. ગુજરાત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઈવેન્ટસનું આયોજન કરવા માટે જાણીતું છે અને હવે નેશનલ ગેમ્સને પણ સુપેરે આયોજન કરાશે તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યમાં નેશનલ ગેમ્સનું આયોજન માટે જરૂરી માળખાગત સુવિધાઓ ઘણાં પરિશ્રમ અને પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકાર દ્વારા ઊભી કરાઇ છે. રાજ્યના કોઇ પણ બાળકને રમતમાં આગળ વધવું હોય તો તેના માટેની તમામ સુવિધાઓ રાજ્ય સરકાર આપી રહી છે. અત્યારે ૨૧ જિલ્લાઓમાં સરકારી સ્પોર્ટસ કોમ્પલેક્ષ જેમાં મલ્ટિપરપઝ ઈન્ડોર હોલ અને આઉટડોર સ્પોર્ટસની સુવિધાઓ છે. આવનારા સમયમાં બાકીના ૧૨ જિલ્લાઓમાં પણ આ સુવિધાઓ ઉભી કરાશે.

રાજયની ૨૩૯ શાળાઓના ૧૨૪૩૨૦ ખેલાડીઓને રમતની તાલીમ અપાઇ રહી છે. વર્ષ ૨૦૧૫–૧૬ માં ઈનસ્કુલ યોજનાનું બજેટ રૂ. ૬.૭૫ કરોડ હતું તે હવે વર્ષ ૨૦૨૨–૧૨ માં રૂ. ૪૩.૬ કરોડ કરાયું છે. રાજયના તમામ જિલ્લાઓમાં ૪૧ ઓપરેશનલ ડીએલએસએસની સ્થાપના કરાઇ છે. જેમાં ૪૮૫૦ ખેલાડીઓ,૧૪૧ કોચ અને ૧૬૦ ટ્રેનર્સ છે. અહીં પસંદ પામેલા ખેલાડીઓ રાજ્યમાં ૭ જિલ્લાઓમાં નિવાસ અને ૯ જિલ્લાઓમાં બિન નિવાસી સેન્ટર ઓફ એકસેલન્સ ખાતે જાય છે. આમ ગુજરાતના પ્રતિભાશાળી ખેલાડીઓ વૈશ્વિક કક્ષાએ ઝળકે એ માટેની તમામ સુવિધાઓ રાજ્ય સરકાર આપી રહી છે.

દેશના ખેલાડીઓ વૈશ્વિક સ્પર્ધાઓમાં મેડલ મેળવી રહ્યાં છે. ત્યારે ગુજરાતના ખેલાડીઓ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગૌરવશાળી પ્રદર્શન કરી રહ્યાં છે. કોમનવેલ્થ ગેમ્સમાં રાજયને ખેલાડીઓએ ગૌરવ અપાવ્યું છે. ત્યારે દાહોદ જિલ્લાનાં તેમજ દેવગઢ બારીયાના ખેલાડીઓ રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવે તેવી સિદ્ધિઓ મેળવી રહ્યાં છે. અહીંના દેવગઢ બારીયા ખાતેના સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં તમામ આધુનિક સુવિધાઓ સાથે ખેલાડીઓ તૈયાર થઇ રહ્યાં છે. જે ભવિષ્યમાં



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

જિલ્લાને અને રાજયને ગૌરવ અપાવશે તેમ રાજ્યમંત્રીએ ઉમેર્યું હતું.

પૂર્વ મંત્રી અને ધારાસભ્ય બચુભાઇ ખાબડે જણાવ્યું કે, રાજ્ય સરકારની રમત ગમતને પ્રોત્સાહન આપવાની નીતિ અને ખેલાડીઓને અપાઇ રહેલી સુવિધાઓ થકી રાજ્યના ખેલાડીઓ રાષ્ટ્રીય જ નહિં, આંતરરાષ્ટ્રીય સ્તરે મેડલ મેળવીને દેશને નામના અપાવી રહ્યાં છે. રાજ્ય સરકારે નેશનલ ગેમ્સનો સફળતાપૂર્વક આયોજન કરવાનો પડકાર ઝિલયો છે. ત્યારે આપણે સૌ પણ ૩૬માં નેશનલ ગેમ્સની ઐતિહાસિક ઘટનાને સામુહિક ભાગીદારી દ્વારા વધુ ઐતિહાસિક બનાવીએ તેમ તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે ૩૬માં નેશનલ ગેમ્સ તથા ૧૧ માં ખેલ મહાકુંભના મહત્વના અંશોની ફિલ્મ દર્શાવાઇ હતી. જેને ઉપસ્થિત ખેલાડઓએ રસપૂર્વક નિહાળી હતી. તેમજ રાજ્યકક્ષાએ ખેલ મહાકુંભમાં ઉત્તમ પ્રદર્શન કરનારા ખેલાડીઓ, ખેલ મહાકુંભની જિલ્લા તેમજ તાલુકાની પ્રથમ ત્રણ શાળાઓને ઈનામ વિતરણ કરાયું હતું. કાર્યક્રમમાં ૩૬ માં નેશનલ ગેમ્સના એન્થમની પ્રસ્તુતિ કરાઇ હતી. તેમજ ફિટ ઈન્ડિયા માટેની શપથ ઉપસ્થિતોએ લીધી હતી.

૩૬ મી નેશનલ ગેમ્સ અવેરનેશ કેમ્પેઇન અંતર્ગત અહીં વિવિધ રમતોનું આયોજન કરાયું હતું. જેમાં રાજ્યમંત્રી ડો. કુબેરભાઇ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે કલેકટર ડો.હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, એસપી બલરામ મીણા, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, નગરપાલિકા પ્રમુખ ચાર્મીબેન સોની, જિલ્લા રમત અધિકારી, દાહોદ, જિલ્લા રમત વિકાસ અધિકારી, દેવગઢ બારીઆ સહિતના અધિકારીઓ, ખેલાડીઓ, નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ શહેરમાં પ્રતિદિન ટ્રાફિક જામના દ્રશ્યો થી નગરજનો પરેશાન

દાહોદ,

દાહોદ શહેરમાં ટ્રાફિકની સમસ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં ટ્રાફિકના ભારણના કારણે કલાકો સુધીના ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાઈ રહ્યાં છે. ટ્રાફિક જવાનો પણ ટ્રાફિકની સમસ્યાને ઉકેલવામાં નિષ્ફળ પ્રતિત થઈ રહ્યાં છે. ત્યારે દાહોદ શહેરમાં લાગેલ ટ્રાફિક સિંગ્નલો માત્ર શોભાના ગાઠીયા સમાન બની રહ્યાં છે.

ટ્રાફિકની સમસ્યાથી દાહોદ શહેરવાસીઓ ભારે હેરાન પરેશાન થઈ રહ્યાં છે. દાહોદ શહેરના પડાવ વિસ્તારથી લઈ એમ.જી.રોડ, નગરપાલિકા ચોક, યાદગાર ચોકથી લઈ બસ સ્ટેશન વિસ્તાર અને ગોવિંદ નગર, ગોધરા રોડ, અનાજ માર્કેટ રોડ, બહારપુરા જેવા અનેક નાના મોટા વિસ્તારોના જાહેર માર્ગો ઉપર પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. શહેરના પડાવ વિસ્તાર ખાતેથી મોટા ભારે વાહનોની ઉપર પ્રતિબંધ હોવા છતાંય મોટા અને ભારે વાહનોની અવર જવરો જોવા મળી રહી છે. ટ્રાફિક જવાનો પણ ટ્રાફિકની સમસ્યાને નિવારવામાં અસફળ જોવા મળ્યાં હતા. બીજી તરફ ટ્રાફિક જામનું સૌથી મોટુ કારણે રસ્તાની વચ્ચો વચ્ચે અડીંગો જમાવી બેઠેલા રખડતાં પશુઓના કારણે પણ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતાં રહે છે. જ્યાં જુઓ ત્યાં રસ્તાની વચ્ચો વચ્ચે રખડતાં પશુઓ અડીંગો જમાવી બેસતાં અને ઘણીવાર તો જાહેરમાં બાખડતાં પશુઓના કારણે ટ્રાફિક જામની સાથે સાથે માવન જીવને પણ જોખમમાં મુકી દેતાં હોય છે. ઘણી વાર તો ઈમરજન્સી એમ્બ્યુલન્સ પણ દર્દીઓની સાથે ટ્રાફિકમાં ફસાઈ જતી હોય છે. ટ્રાફિક જામના કારણે લોકોને એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે કલાકોનો સમય લાગી જાય છે. ઘણીવાર તો ટ્રાફિક જામના કારણે વાહન ચાલકો વચ્ચે તું.. તું.. મેં.. મેં.ના દ્રશ્યો પણ સર્જાય જાય છે. દાહોદ શહેરમાં ટ્રાફિકનું ભારણ ઓછુ કરવા માટે અને ટ્રાફિકના નિયમોનું પાલન થઈ શકે તે માટે વર્ષો પહેલા દાહોદ શહેરમાં અનેક સ્થળોએ ટ્રાફિક સિગ્નલો પણ લગાવવામાં આવ્યાં હતાં પરંતુ ઘણા સમયથી આ ટ્રાફિક સિગ્નલો પણ બંધ પડ્યાં છે અને ટ્રાફિકના નિયમોનું પાલન પણ થતું નથી. ત્યારે આવા કપરા સમયમાં શહેરમાં ટ્રાફિકનું ભારણઓછું કરવા માટે શહેર પોલીસ યોગ્ય કામગીરી કરે તેવી લાગણી અને માંગણી શહેરવાસીઓમાં ઉઠવા પામી છે.

# દાહોદના રળીયાતી ગામ નજીક સ્કુલ બસ રોડ સાઈડના ખાડામાં ખાબકતા ૪૦ જેટલા વિદ્યાર્થીઓનો આબાદ બચાવ

દાહોદ,

દાહોદ તાલુકાના રળીયાતી ગામ નજીક એક સ્કુલ બસ રસ્તાની સાઈડમાં આવેલ ખાડામાં ખાબકી જતાં ૪૦ થી વધુ જેટલા વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો. દાહોદ શહેરમાં ખાડાઓના સામ્રાજ્યને પગલે ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ના સર્જાય તે માટે દાહોદ સ્થાનીક વહીવટી તંત્ર દ્વારા આવા ખાડાઓને પુરવામાં આવે નવીન રસ્તાઓ બનાવવામાં આવે તેવી લાગણી અને માંગણી શહેરીજનોમાં ઉઠવા પામી છે.



દાહોદના ગોવિંદનગર વિસ્તારમાં સ્થિત કન્યા શાળામાં દાહોદ તાલુકાના આસપાસના અંતરિયાળ ગામોથી ભણવા આવતી ૪૦ થી વધુ વિદ્યાર્થીઓનીઓનું આબાદ બચાવ થયો હતો. બે દિવસ પહેલાં બાપોરના સમયે શાળાનો સમય પુરો થતા સ્કૂલ બસમાં બેસી પોત પોતાના ઘરે સ્કુલ બસમાં બેસી વિદ્યાર્થીઓ જતાં હતાં ત્યારે દાહોદ તાલુકાના રળીયાતી નજીક નેશનલ હાઈવેને જોડતા રસ્તા પર સ્કૂલ બસના ચાલકે આગળ ચાલતા વાહનને ઓવરટેક કરતા બસ ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો અને જોજતોજામાં ૪૦થી વધુ વિદ્યાર્થીઓ ભરેલ સ્કુલ બસ રસ્તાની સાઈડમાં આવેલ ખાડામાં સ્કુલ બસ ખાબકી ગઈ હતી. અકસ્માત થતાજ બુમબુમ થઈ જતાં આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. સ્થાનીકો દ્વારા બસમાં સવાર તમામ વિદ્યાર્થીઓને હેમખેમ બસમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં. સદ્નસીબે કોઈપણ વિદ્યાર્થીને ઈજાઓ થવા પામી ન હતી. સ્થાનીક લોકોએ હાંસકારો લીધો હતો અને બસ ચાલકને ઠપકો આપતા બસ સંભાળીને ચલાવવા જણાવવામાં આવ્યું હતું ત્યારે તમામ વિદ્યાર્થીઓ પગપાળા ઘરે જવા મજબુર થતા એક ટ્રેકટર ચાલકે તમામ વિદ્યાર્થીનીઓને ટ્રેકટરમાં બેસાડી વિદ્યાર્થીનીઓને ઘરે પહોંચાડવાની કામગીરી કરી હતી.

# ગરબાડા તાલુકાના વડવા ગામે દીપડીની હાજરી CCTV માં કેદ ગ્રામજનોમાં ભયનો માહોલ

ગરબાડા,

ગરબાડા તાલુકાના વડવા ગામના બિલવાળ ફળિયામાં ખોરાકની શોધમાં છેલ્લા બે ત્રણ દિવસથી દીપડો દેખાતા ગ્રામ જનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સમગ્ર ઘટના સરપંચના ઘરે લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ છે. હાલ ગ્રામજનો દ્વારા દીપડાને પાંજરામાં કેદ કરવા વનવિભાગને મૌખિકમાં જાણ કરાઈ છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર દીપડો છેલ્લા બે ત્રણ દિવસથી મરઘાનો શિકાર કરી લઈ જતો હતો. ત્યારે સમગ્ર ઘટના સરપંચ ઘરે લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ત્યારે દીપડો છેલ્લા ત્રણ દિવસથી ગામમાં જોવા મળતા ગ્રામજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ત્યારે બીજી તરફ વન વિભાગના સર્વે અનુસાર ગરબાડા રેન્જમાં ૨૦ થી વધુ દીપડા હોવાનું ફૂટમાર્ક દ્વારા અનુમાન છે. જોકે, વન વિભાગની વસ્તી ગણતરી અનુસાર હાલ આ વિસ્તારમાં કુલ ૬ દીપડા વસવાટ કરતા હોવાની પુષ્ટિ કરાઈ છે. ત્યારે આ વડવા ગામમાં ખોરાકની શોધમાં છેલ્લા ત્રણ દિવસથી આવી રહેલ વન્ય જીવ પ્રાણી દીપડો રેન્જમાં વસવાટ કરતા દીપડા માંનો એક છે કે પછી અન્ય કોઈ જગ્યાએથી ખોરાકની શોધમાં વિચરણ કરતો આ વિસ્તારમાં આવી પહોંચ્યો છે. તે વનવિભાગ માટે તપાસનો વિષય બની જવા પામ્યો છે.

# દાહોદ પરેલ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજય : સ્વચ્છ ભારત મિશનના લીલેલીરા ઉડયા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં હાલ જ્યાં જુઓ ત્યાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે અને જાહેર માર્ગની સાઈડમાં આવેલ કચરાના ઢગલામાં ત્યાંથી પસાર થતાં લોકો જાહેરમાં લઘુશંકા જેવી ક્રિયાઓ કરતાં અહીંથી પસાર થતી મહિલાઓ સહિત લોકોને ભારે શર્મના સામના સાથે જાહેર માર્ગો પરથી પસાર થવાનો વારો આવી રહ્યો છે.

દાહોદમાં આવેલ પરેલ રેલ્વે રહેણાંક વિસ્તારોમાં જ્યાં જુઓ ત્યાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. રસ્તાની સાઈડમાં કચરો અને અસહ્ય ગંદકીએ માઝા મુકી છે. આવી ગંદકીમાં અહીંથી પસાર થતાં ઘણા લોકો લઘુશંકા કરી જતાં રહે છે અને ગંદકી વધુ ફેલાઈ રહી છે. ગંદકીના કારણે રોગચાળાનો ભય ફેલાઈ તેવો ભય પણ સ્થાનીકમાં ફેલાઈ રહ્યો છે. બીજી તરફ લોકો જાહેરમાં રસ્તાની સાઈડમાં લઘુશંકા માટે ઉભા થઈ જતાં અહીંથી પસાર થતી મહિલાઓ અને અન્ય વ્યક્તિઓને શરમથી રસ્તા પરથી પસાર થવું પડે છે. ગંદકીના કારણે લોકોને મોંઢે રૂમાલ બાંધીને પણ પસાર થવું પડી રહ્યું છે. ત્યારે સમગ્ર મામલે રેલ્વે તંત્ર તેમજ દાહોદ વહીવટી તંત્ર દ્વારા દાહોદ પરેલ વિસ્તારમાં સ્વચ્છતા જાળવે તેવી લાગણી અને માંગણી સ્થાનીકોમાં ઉઠવા પામી છે.

# દાહોદના હાર્દ સમાં સ્ટેશન રોડ ઉપર ધોળા દિવસે મોબાઈલની દુકાનમાં બંદૂકની અણીએ લૂંટ



દાહોદ,

દાહોદ શહેરમાં ટ્રાફિક થી ધમધમતા તેમજ હાર્દ સમા ગણાતા સ્ટેશન રોડ ઉપર આવેલી મોબાઈલની દુકાનમાં કોસ્મેટિક આઈટમોના ફેરીયાના સ્વાગમાં આવેલા લૂંટારૂંએ મોબાઇલમાં મોબાઈલની દુકાનમાં ઘુસી બંદૂકની અણીએ મોબાઈલ તેમજ રોકડ રકમની સનસનાટી ભરી લૂંટ ચલાવી ભાગી છુટવામાં સફળ રહ્યો છે. જોકે, આ લૂંટની ઘટના CCTV કેમરામાં કેદ થઈ જવા પામી હતી.

દાહોદ શહેરના સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલા ટાઈટનિક કોમ્પ્લેક્સના ભોયતળિયે આવેલી બદરી મોબાઈલ નામક દુકાન ચલાવતા મુસ્લિમ ભાઈ આજરોજ સાંજના ૪ વાગ્યાના સુમારે કોસ્મેટીક આઈટમોના વેચાણ કરવાનાં ફેરિયાના સ્વાન્ગમાં MH-30-AP-2997 નંબરની મોટરસાયકલ પર આવેલા લુટારૂએ મોબાઈલ ખરીદવાના નામેં દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાં બેસેલા મુસ્લિમભાઈ ને રિવોલ્વર બતાવી અને તેની પાસેથી મોબાઇલ તેમજ ૫૦ હજારની રોકડ રોકડ રૂપિયાની લૂંટ ચલાવી ભાગવાનો પ્રયાસ કરતા દુકાનદાર મુસ્લિમભાઈ તેમજ રોડ પર ઉભેલા એક રાહદારી વૃદ્ધ લુરારૂંને પડકારતા બંદૂક દેખાડી પોતાનું કોસ્મેટિકનું સમાન રોડ પર મૂકી ભાગી છૂટ્યો હતો. જોકે, આ સમગ્ર ઘટના કોમ્પ્લેક્સમાં લાગેલા ઈઈઝટ કેમેરામાં કેદ થઇ જવા પામી હતી. જે બાદ ત્યાંથી પસાર થતા દાહોદના જાગૃત પત્રકારોએ ઘટના સબંધે આ મામલે પોલીસને જાણ કરતા દાહોદ એલસીબી, દાહોદ ટાઉન એ ડીવીઝન, બી ડીવીઝન, પોલીસ ઘટના સ્થળે પહોંચી ઈઈઝદ કેમેરાની ફૂટેજના આધારે લુરારૂનો પગેરૂં શોધી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. જોકે, ઘટનાની જાણ દાહોદ પોલીસને તથા દાહોદ પોલીસ નો મોટો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને અજાણ્યા લુંટારા ની શોધ કો હાથ ધરવામાં આવી હતી.

# દાહોદ તાલુકામાં હોમગાર્ડ દળમાં ફરજ બજાવતા જવાનો દ્વારા પડતર પ્રશ્નો બાબતે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

દાહોદ,

દાહોદ તાલુકાના હોમગાર્ડ દળના જવાનો દ્વારા દાહોદ જીલ્લા કલેકટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાનુસાર જવાનો શહેર તેમજ તાલુકામાં રાત્રી તેમજ દિવસ દરમ્યાન તેમજ ચુંટણી બંદોબસ્ત, ધાર્મિક તહેવારો, વીવીઆઈપી બંદોબસ્ત તેમજ આપાતકાલીન જેવી પરિસ્થિતીઓમાં હોમગાર્ડ જવાનો પોલીસના પડછાયા તરીકે ફરજ બજાવે છે. હોમગાર્ડના જવાનોને દૈનિક ૩૦૪ રૂા. માનદ વેતન આપવામાં આવે છે.એક મહિનાનો ૮૨૦૮ માનદવેતન ચુકવવામાં આવે છે. આ વેતનથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવવુ મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાં હોમગાર્ડ જવાનોને દૈનિક ૫૦૦ થી ૮૦૦ રૂા. માનદ વેતન આપવામાં આવે છે. ત્યારે માત્ર ગુજરાત રાજયમાં હોમગાર્ડ જવાનોને અન્યા થતો હોય તેમ લાગી રહ્યું છે. માટે ગુજરાતના હોમગાર્ડના વેતનમા વધારો કરવામાં આવે, સ્પર્ધાત્મક પરિક્ષામાં વધારાના ગુણની જોગવાઈ કરવામાં આવે, હોમગાર્ડ જવાનોની નિવૃત્તિ વય ૫૫ થી વધારીને ૫૮ વર્ષ કરવામાં આવે તેમજ હોમગાર્ડ જવાનોને તાલીમાર્થી કેમ્પ દરમ્યાન મળવા પાત્ર જમવાના ભથ્થામાં વધારો કરી જવાનોના શારિરીક હુફ મળી રહે જેવા વિવિધ પડતર પ્રશ્નો સંદર્ભે દાહોદ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.




સંજેલી ખાતે તાલુકા આરોગ્ય અધિકારી ડો. હિતેશ ચારેલના માર્ગદર્શન હેઠળ સંજેલી મેઈન બજાર ખાતે આશા વર્કર બહેનો દ્વારા આયુષ્માન કાર્ડ કઢાવી લેવા માટે ગ્રામજનોને જાણ કરવામાં આવી હતી. જેમાં પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવે છે. જે કાર્ડ કઢાવી લેવા માટે નગરજનોને આશાવર્કરની બહેનોએ કઢાવી માટે જાણ કરવામાં આવી તેમજ કાર્ડને લગતા ફાયદાઓ વિશે અવગત કરવામાં આવ્યા હતા.

# ફતેપુરા તાલુકામાં આરોગ્ય વિભાગના કરાર આધારિત કર્મચારીઓએ વિધાનસભા દંડકને આવેદન આપ્યું

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના આરોગ્ય વિભાગના કરાર આધારિત કર્મચારીઓએ ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાને પડતર માંગણી બાબતે પત્ર આપ્યું હતું.

જેમાં કરાર આધારિત કર્મચારીને કાયમી કરવામાં આવે, આઉટસોર્સિંગ એજન્સી દ્વારા શોષણ કરવામાં આવે છે. જે દૂર કરવામાં આવે, પુરા પગાર પર સહી કરાવાય છે અને અધૂરો પગાર આપવામાં આવે છે. કોરોના મહામારીમાં કરેલ કામગીરીનું વળતર ચૂકવવામાં આવે તે બાબતે રજૂઆતો કરાઈ હતી. જેમાં દંડક અને ધારાસભ્ય રમેશભાઈ કટારા એ આરોગ્ય મંત્રીને પડતર માંગણીઓ બાબતે કાર્યવાહી કરાય તે બાબતે ભલામણ પત્ર લખ્યો હતો.

# દાહોદ જીલ્લામાં એક મહિના થી પ્રાથમિક શાળાઓને તસ્કરો નિશાન બનાવતાં અનેક શંકા-કુશંકાઓ ઉઠવા પામી

દાહોદ,

દાહોદ જીલ્લામાં છેલ્લા એક મહિનાના સમયગાળા દરમ્યાન પ્રાથમિક શાળાઓને નિશાન બનાવી પ્રાથમિક શાળામાં ચોરીની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે. છેલ્લા ૨૦ દિવસની અંદર દાહોદ જીલ્લાની કુલ ૧૫ થી ૨૦ પ્રાથમિક શાળાઓને તસ્કરો દ્વારા નિશાન બનાવાતા જીલ્લાની પોલીસ કામગીરી ઉપર શંકા–કુશંકાઓ વહતી થવા પામી છે.

દાહોદ જીલ્લામાં ઘરફોડ ચોરી, વાહન ચોરી, મોબાઈલની લુટ ચોરી કરતી ટોળકી, ચીલઝડપ કરતી ટોળકી અને લુટ ચલાવતી ટોળકીની સાથે સાથે હવે તસ્કરોએ જાણે હવે નવો કિમીયો અપનાવ્યો હોય તેમ જીલ્લાની પ્રાથમિક શાળાઓને નિશાન બનાવી રહ્યા છે. છેલ્લા એક મહિનાના સમયગાળા દરમ્યાન તસ્કરોએ જીલ્લામાં આવેલ ૧૫ થી વધુ પ્રાથમિક શાળાઓના તાળાઓ તોડી શાળાઓમાંથી અનાજ, ગેસના બોટલો, પંખાઓ, એલઈડી ટીવીઓ, મોબાઈલ ફોન, લેપટોપ, કોમ્પ્યુટરના સાધાનો વિગેરેની ચોરી કરી તસ્કરો ફરાર થઈ જતા હોય છે. આ ગુનાઓ સંદર્ભે જીલ્લાના જે તે પોલીસ મથકે ફરીયાદ નોંધાયેલ છતાં પણ પોલીસ દ્વારા તસ્કરોને ઝડપી પાડવાની કોઈ કામગીરી ન કરતા પ્રાથમિક શાળાના પ્રશાસનમાં આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જીલ્લામાં છેલ્લા ૨૦ દિવસની અંદર ગરબાડા તાલુકાની કથોલીયા, લીમખેડાની ચીલાકોટા, ખીરખાઈ, દાહોદ તાલુકાની રામપુરા, કતવારા, જાલત, ત્યાર બાદ ફરીથી ગરબાડા તાલુકાની ગુલબાર પ્રા.શાળામાં તસ્કરો દ્વારા ચોરીને અંજામ આપ્યો હતો. માટે સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ જીલ્લા પોલીસ દ્વારા પ્રાથમિક શાળમાં ચોરી કરતી તસ્કર ટોળકીને ઝડપી પાડવામાં આવે તેવી લાગણી અને માંગણી લોકોમાં ઉઠવા પામી છે.

# સંજેલી સહિત તાલુકામાં લમ્પી વાયરસ ધરાવતા પશુઓનું રસીકરણ કરવા માંગ ઉઠી



સંજેલી,

સંજેલી નગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં લમ્પી વાયરસના પગ પેસારાને લઈને પશુપાલકો સહિત ગ્રામજનોમાં ફફડાટની સાથે ભય વ્યાપી જવા પામ્યો છે. સંજેલી નગરમાં રખડતા પશુમાં લમ્પી વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવાતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને ગ્રામજનોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. પશુઓના સર્વે કરી લમ્પી વાયરસના લક્ષણ શોધી કાઢી પશુઓનું રસીકરણ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. નગરમાં એક ગાયને શંકાસ્પદ લમ્પી વાયરસના લક્ષણ જોવાતા લોકોમા ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. નગરમાં પશુઓને રસીકરણ કરવામાં આવે તેવી ગ્રામજનોની તીવ્ર માંગ ઉઠી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.23

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# અમદાવાદ ખાતે બિલ્ડીંગ બાંધકામ સાઈડ મૃત્યુ પામેલા શ્રમિકોના મૃતદેહ ગામે લવાતા ગામ આખું હિબકે ચડયું

- વાવકુંડલી ગામે ત્રણ અર્થી એક સાથે ઉઠી.
- જીલ્લામાં રોજગારીના અભાવે મજુરી માટે ગયેલ પરિવારના કમાનાર દિકરો કે પતિ ગુમાવતાં પરિવારો નોંધારા બન્યા.



ગોધરા,

અમદાવાદ ગુજરાત યુનિવર્સીટી વિસ્તારમાં આવેલ એકસપાયર-૨ નામના બાંધકામ સાઈડ પર ૧૩મા માળેથી માચડો તુટી જવાથી ગંભીર હાદસો સર્જાયો હતો. આ ઘટનામાં ઘોઘંબાના વાવકુંડલી અને શામળકુવાના-૪ શ્રમિકો અને દે.બારીયાના વિરોલ ગામના -૨ શ્રમિકો મળી ૬ શ્રમિકોના કરૂણમોત નિપજાતા પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ હતી. મૃતકોના મૃતદેહ વતનમાં લવાયા હતા અને અંતિમવિધી કરતાં ગામ આખું હિબકે ચડયું હતું.

પંચમહાલના ઘોઘંબા તાલુકાના વાવકુંડલી અને શામળકુવા ગામના ૪ જુવાનો રોજગારી માટે ગામના કોન્ટ્રાકટર સાથે અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સીટી વિસ્તારમાં એકસપાયર-૨ની સાઈડ ઉપર મજુરી કરવા માટે મુકેશ ભારતભાઈ નાયક, સંજયભાઈ મંગળભાઈ નાયક, શૈલેષકુમાર રવજીભાઈ નાયક અને જગદીશભાઈ રમેશભાઈ નાયક ગયા હતા. આ સહિત વાવકુંડલી અને શામળકુવાના ૧૭ જેટલા શ્રમિકો મજુરી માટે ગયા હતા. ગતરોજ એકસપાયર-૨ બાંધકામ સાઈડ ઉપર ૧૩મા માળેથી માચડો તુટી જવાથી ગંભીર અકસ્માતની ઘટના બની હતી. બાંધકામ સાઈડ ઉપર કાર કરતાં શ્રમજીવીઓ સેફટી વગર કામ કરતા હોય જેથી માચડો તુટતાં ૭ જેટલા શ્રમિકોના કરૂણમોત નિપજાવા પામ્યા હતા. આજરોજ ઘોઘંબાના વાવકુંડલીના ત્રણ મૃતકો અને શામળકુવાના મૃતકના મૃતદેહ વતન ખાતે લાવવામાં આવ્યા હતા. પરિવારના ભરણપોષણ માટે મજુરી કરવા ગયેલ યુવા પુત્રના મૃતદેહ ગામમાં આવતાં ગામ આખું હિબકે ચડયું હતું. વાવકુંડલી ગામના ત્રણ યુવાનોની અંતિમયાત્રા એક સાથે નિકળતા ગામ આખું શોક મગ્ન થયું હતું.

મૃતક જગદીશભાઈ નાયકના પિતા રમેશભાઈ નાયક અને માતા ઉપર જુવાન કમાનાર દિકરો ગુમાવ્યાથી વલોપાત અને કલ્પાંત થી ગ્રામજનો પણ વ્યથિત થયા હતા. મૃતકના પિતાએ કહ્યું કે, ૧૩મા માળે બિલ્ડીંગ માંથી પડી જવાથી મોત થયું છે. બિલ્ડર દ્વારા કોઈ સેફટીની સુવિધા કરાઈ ન હોવાથી દિકરો ગુમાવવાનો વારો આવ્યો છે. વાવકુંડલી ગામે અમદાવાદ ખાતે બિલ્ડીંગ સાઈડ ઉપર અકસ્માતમાં મોતની ઘટનામાં મૃતકોના મૃતદેહ વતન લાવતાં કયાંક માતા-પિતાનો કયાંક બાળકો અને પત્નીના વલોપાત થી પંથકમાં ગમગીની પ્રસરી જવા પામી હતી.

## આપ પાર્ટી દ્વારા મૃતકોના ઘર અને પરીવારજનોની સ્થિતિ જોતા સરકાર દ્વારા ૫૦-૫૦ લાખની સહાય કરવામાં આવે એવી રજૂઆત કરીશું

વાવકુણ્ડી ગામમાં આજે એક સાથે ત્રણ યુવાનોની અર્થી ઉઠતા આખું ગામ શોકમગ્ન બન્યું છે. ઘોઘંબા તાલુકાના ગામોમાં રોજગારી માટેની કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે તથા સિંચાઈ જેવી સુવિધાઓ ન હોવાના કારણે અહિંના સ્થાનિક લોકોને રોજગારી મેળવવા, પોતાના પરીવારજનોનું પેટ પાલવા મજબુરીમાં મજુરી કરવા બહાર જવું પડે છે. ઘરબાર, સમાજ, કુટુંબ છોડી, માં-બાપ, પત્ની, બાળકો છોડીને બહાર જઈ લોકોને મજુરી કરવાની સ્થિતિ ઉભી થઈ છે. નાના મોટા સામાજીક પ્રસંગો, તહેવારો પણ પરીવારજનો સાથે ઉજવવા મળતા નથી. એવી કપરી અને કઠીન પરિસ્થિતિમાં લોકો જોવા મળે છે. ત્યારે આ ગામમાં થી મજુરી કામ અર્થે અમદાવાદ ગયેલા લોકો દુર્ઘટનાનો ભોગ બન્યા છે અને નાયક પરીવારના ત્રણ યુવાનો મોતને ભેટ્યા છે. આ ત્રણ યુવાનોના પરિવારજનો નોંધારા બન્યા છે. આ ઘટનાથી આખુ ગામ શોકમગ્ન બન્યું છે.

આ મૃતકોની અંતિમ યાત્રામાં આમ આદમી પાર્ટીના પંચમહાલ લોકસભા પ્રમુખ દિનેશ બારીઆ પાર્ટીના કાર્યકરો સાથે જોડાયા હતા અને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી પરીવારજનોને સાંત્વના પાઠવી હતી.

આ ગામમાં સ્મશાનઘર અને સ્મશાન ઘર સુધી જવાનો રસ્તો ના હોવાનું જોતા દિનેશ બારીઆએ સૌ ડાઘુઓ સાથે સંવાદ કર્યો હતો અને જણાવ્યું હતું કે, ગામમાં સુવિધાઓ માંગવાનો અને મેળવવાનો સૌનો અધિકાર છે. તો સૌ ગ્રામજનોએ રજૂઆત કરવી જોઈએ તથા આ દુર્ઘટનામાં ભોગ બનેલા મૃતકોના ઘર અને પરિવારજનોની સ્થિતિ જોતા સરકારને રજુઆત કરીશું કે આ મૃતકોના ગરીબ પરીવારજનોને સરકાર તરફથી પચાસ-પચાસ લાખની સહાય આપવામાં આવે.

દિનેશ બારીઆએ જણાવ્યું હતું કે, જો આજે વરસાદ ચાલુ હોત તો મૃતકોના અંતિમ સંસ્કાર, અગ્નિદાહ આપવામાં પણ કેટલી મુશ્કેલી પડતી? એટલે સૌ ગ્રામજનોને દિનેશ બારીઆએ સરકારમાં રજૂઆત કરી ગામનો વિકાસ, વ્યવસ્થા અને સુવિધાઓ મેળવવા જણાવ્યું હતું.

## પંચમહાલ આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા પડતર માંગણીઓને લઈ નિવાસી અધિક કલેકટરને આવેદન આપ્યું



ગોધરા,

ગુજરાત રાજય આશ્રમશાળા કર્મચારી સંઘ પંચમહાલ દ્વારા આશ્રમશાળાના કર્મચારીઓના પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ લાવવા માટે રાજ્યના મુખ્યમંત્રીને ઉદ્દેશીને આજ રોજ પંચમહાલ જિલ્લા કલેકટર કચેરી ખાતે નિવાસી અધિક જિલ્લા કલેકટર મારફત પ્લે કાર્ડ, બેનર સાથે મોટી સંખ્યામાં આશ્રમશાળાના કર્મચારીઓએ વિશાળ રેલી યોજી આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

ત્યારે રજુઆતમાં જણાવ્યા અનુસાર ભારતીય બંધારણના માર્ગદર્શન સિદ્ધાંતોના અમલીકરણના ભાગરૂપે સીડ્યુલ એરિયામાં આદિવાસી અને પછાતવર્ગ સમાજના ગરીબ બાળકોના શિક્ષણ અને સંસ્કાર, સિંચન અર્થે ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાં આદિજાતિ વિકાસ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ગ્રાન્ટ ઈન એઈડનાં ધોરણે સ્વૈચ્છિક સંસ્થાઓ આશ્રમશાળાઓ ચલાવે છે. ત્યારે આ આશ્રમશાળાઓના કર્મચારીઓ ૨૪ કલાક સ્થળ પર નિવાસ કરી પોતાની ફરજ અદા કરે છે.

જેઓના ઘણા લાંબા સમયથી પડતર પ્રશ્નો જેવા કે, અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના આશ્રમશાળાનાં કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ મળવો જોઈએ. આશ્રમશાળામાં ફરજ બજાવતા શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણમાં રૂ.૪૨૦૦ ગ્રેડ પે આપવો જોઈએ. આશ્રમશાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયકોની સળંગ નોકરી ગણવાની માંગણી કરવામાં આવી છે. આ ઉપરાંત આશ્રમશાળાઓમાં અલગ ગૃહપતિ ગૃહમાતાની જોગવાઈ કરવી. આશ્રમશાળામાં ૨૦૦૦-૨૦૦૪ સુધી પુરા પગારે ભરતી થયેલા કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા, આશ્રમશાળાનાં કર્મચારીઓને બદલીનો લાભ આપવો જોઈએ. આદિજાતિની આશ્રમશાળાઓનાં કર્મચારીઓને અન્ય વિભાગના કર્મચારીની જેમ જ સાતમા પગારપંચનું એરિયર્સ ચૂકવવું, આશ્રમશાળાના કર્મચારીઓને નિવૃત્તિ બાદ ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર આપવું જોઈએ તેમજ ચાલુ નોકરી દરમિયાન અવસાન પામનાર આશ્રિત કુંટુંબને ઉચ્ચકનાણાકીય સહાય મળવી જોઈએ, આશ્રમશાળાઓમાં ખાલી પડેલી શિક્ષકો તથા વર્ગ-૪નાં કર્મચારીઓની નિયમિત કાયમી ધોરણે ભરતી થવી, કર્મચારીઓની સર્વિસ બુક નિભાવણી, આશ્રમશાળાના નિયમોની અમલવારી કરવા, કર્મચારીઓના રજાઓના લાભ અંગે સ્પષ્ટતા કરવા, આશ્રમશાળાનો વહીવટ શિક્ષણ વિભાગ હસ્તક સોંપવા, કર્મચારીઓને સત્ર લાભ અંગે સ્પષ્ટ થવા, આશ્રમશાળામાં અભ્યાસ કરતા બાળકોને સમયસર પાઠ્યપુસ્તકો, સ્વાધ્યાયપોથી તેમજ એકમ કસોટીની બુક મળવી, જૂની પેન્શન યોજના લાગુ કરવામાં આવે, જી.પી.એફ.નાં ખાતા ખોલવામાં આવે વગેરે માંગોની માંગણી પંચમહાલ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા કરવામાં આવી હતી.

## ૨૦૨૨-૨૩માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ ટેકાના ભાવે લાભપાંચમથી ખરીદી કરાશે : કૃષિ મંત્રી




ગોધરા,

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ, તા.૨૯ ઓકટોબર-૨૦૨૨થી ૯૦ દિવસ સુધી કરવાનો રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે.

આ અંગે વધુ વિગતો આપતાં મંત્રીએ કહ્યુંકે, ખેડૂતોના હિતને ધ્યાને રાખી ખરીફ ઋતુમાં પાકનું ટેકાના ભાવે ખરીદીનું રાજ્ય સરકારનું સઘન આયોજન છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ટેકાના ભાવે ખરીદી માટે સેન્ટ્રલ નોડલ એજન્સીને મદદરૂપ થવા રાજ્ય નોડલ એજન્સી તરીકે ગુજકોમાસોલની નિમણૂંક કરવામાં આવી છે. ખેડૂતોએ તા.૨૫ સપ્ટેમ્બર થી તા.૨૪ ઓકટોબર, ૨૦૨૨ દરમિયાન નોંધણી કરાવવાની રહેશે. ખેડૂતોની નોંધણી ગ્રામ્ય કક્ષાએથી ઈ-ગ્રામ કેન્દ્રો પરથી VCE મારફતે કરવામાં આવશે.

નોંધણી થયેલ ખેડૂતોને ક્રમાનુસાર SMS મોકલી અથવા ટેલિફોનીક જાણ કરાશે. જાણ કરાયેલા ખેડૂતોએ FAQ ગુણવત્તાવાળા પાકોના નિયત જથ્થા સાથે નિયત ખરીદ કેન્દ્ર ખાતે વેચાણ માટે હાજર રહેવાનું રહેશે. સોમવાર થી શુક્રવાર દરમિયાન સંજોગોવસાત નિયત દિવસે હાજર ન રહી શક્યા હોય તેવા ખેડૂતોને શનિવારના દિવસે વેચાણ માટે તક આપવામાં આવશે.વેચાણ કરેલ જણસીનું ખેડૂતોને ચુકવણું સીધા ખેડૂતના ખાતામાં જમા કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા ખરીફ વર્ષ ૨૦૨૨-૨૩ માટે મગફળીનો ટેકાનો ભાવ રૂ.૫,૮૫૦, મગનો રૂ. ૭,૭૫૫, અડદનો રૂ.૬,૬૦૦ અને સોયાબિનનો રૂ.૪,૩૦૦ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૧-૨૨માં ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે કુલ ૨,૬૫,૫૫૮ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. જે પૈકી કુલ ૪૯,૮૯૯ ખેડૂતોએ લાભ લીધો હતો. લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ ૫૫૮.૫૩ કરોડ મૂલ્યના ૯૫,૨૩૦ મે.ટન મગફળીના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી. ખરીફ વર્ષ ૨૦૨૧-૨૨માં ટેકાના ભાવે તુવેરની ખરીદી માટે કુલ ૧૮,૫૩૫ ખેડૂતોએ નોંધણી કરાવેલ હતી. જે પૈકી કુલ ૧૦,૨૮૮ ખેડૂતોએ લાભ લીધો હતો. લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ ૧૨૬.૦૩ કરોડ મૂલ્યના ૨૦,૦૦૪ મે.ટન તુવેરના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી. જ્યારે રવિ સિઝન દરમિયાન વર્ષ ૨૦૨૧-૨૨માં ચણાની ખરીદી માટે કુલ ૩,૩૮,૭૭૭ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. જે પૈકી કુલ ૨,૮૩,૦૪૩ ખેડૂતોએ લાભ લીધો હતો. લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ ૨૯૨૧.૬૦ કરોડ મૂલ્યના ૫,૫૮,૬૨૩ મે.ટન ચણાના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી.

## વેજલપુર નાના મહોલ્લામાં કત્તલ કરાયેલ ગૌવંશ સાથે એક ઈસમને ઝડપી લેવાયો

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે નાના મહોલ્લામાં રહેતા ઈસમના ઘરે ગૌવંશ ગોંધી રાખી અન્ય બે આરોપીઓ સાથે મળી ગૌવંશનું કત્તલ કર્યું હતું. દરમિયાન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ગૌવંશ કત્તલ કરેલ સહિત ૩૫,૯૭૦/-રૂપીયાનો મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે કાલોલ તાલુકામાં વેજલપુર ગામે નાના મહોલ્લામાં રહેતા મોહમંદ ઈબ્રાહિમ પાડવાના મકાનમાં ગૌવંશ મંગાવી કુરતાપૂર્વક બાંધી રાખી અન્ય આરોપીઓ ઈસમો ઈલ્યાસ મોહમંદ પાડવા, મોહમંદ ઈબ્રાહિમ પાડવા સાથે મળી ગૌવશંનું કત્તલ કર્યું હોય વેજલપુર પોલીસે બાતમીના આધારે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન કત્તલ કરેલ ગૌવંશ, કુહાડી, તગારા, થાળ મળી કિંમત ૩૫,૯૭૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઐયુબ ઈબ્રાહિમ પાડવાને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે ઈલ્યાસ મોહમંદ પાડવા બાઈક લઈ નાશી છુટીયો હતો જ્યારે અન્ય આરોપી હાજર મળી આવ્યો ન હતો. આ બાબતે વેજલપુર પોલસી મથકે પ્રાણીકુરતા નિવારણ કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા RTO અધિકારીની બદલી થતાં ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા પુષ્પગુચ્છ આપી શુભકામનાઓ પાઠવી




ગોધરા,

ગોધરા RTO કચેરીમાં ફરજ બજાવતા આર.ટી.ઓ.અધિકારી એમ.આર.ગજ્જરની બદલી સુરત આર.ટી.ઓ.કચેરી ખાતે તેમજ ચાર ઈન્સ્પેકટરો સત્તાર ઠાકોરની ગાંધીનગર, અજય ચૌધરીની અરવલ્લી, ભાવિક મંગલપુરાની ભરૂચ અને રાજનાથભાઈની બદલી વડોદરા ખાતે બદલી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એમ.આર. ગજ્જર ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી થી ગોધરા ખાતે આવ્યા હતા. તેઓએ ગાંધીનગરમાં સારામાં સારી કામગીરી કરી હતી. તે આજે પણ અકબંધ છે. તેમજ અકસ્માત ઘટાડવા માટે અડાલજ ત્રિમંદિર ખાતે ચાર કટ મુકવામાં આવ્યા હતા. તેમજ કુડાસણ પાસે પણ ચાર કટ મુકવામાં આવ્યા હતા. જેના કારણે અકસ્માતો અટકાવવામાં મોટી સફળતા મળી હતી. જ્યારે ગોધરામાં તેમના કાર્યકાળ દરમિયાન તેઓ અને તેમની ટીમ દ્વારા પંચમહાલ જિલ્લાના મોનિટરિંગ પબ્લિક માટે અનેક સારી કામગીરી કરેલ છે. તેમજ સરકારની ટેક્ષ આવકમાં પણ વધારો કરેલ છે. જિલ્લા માર્ગ સલામતી માટે પણ જિલ્લા વહીવટી તંત્ર સાથે રહીને અનેક સારી કામગીરી કરેલ છે. જેનાં ભાગરૂપે સરકાર દ્વારા એક ક્રિએટિવ અધિકારીને સુરત મહાનગરનો કાર્યભાર સોંપી વિશ્વાસ પ્રધાન કરવામાં આવ્યો હોય તેમ દેખાય રહ્યું છે. જ્યારે બી.એ. ચાવડા એ.આર.ટી.ઓ.નો ચાર્જ સોંપવામાં આવ્યો હતો અને તેઓનું ધી પંચમહાલ જિલ્લા ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન હોદ્દેદારો અ.ગની મદારી, હાજી શોએબ બકકર, હાજી ઈલયાસ મીઠાભાઈ, મોહસીન કલા અને મહેબૂબ ગીતેલી પુષ્પગુચ્છ અપેણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## ગોધરાની સોફીયા જમાલ અને રૂકૈયા ગુલામહુસેનવાલાની ગુજરાત સરકારની અલગ અલગ કમિટીમાં નિમણૂંક કરાઈ





ગોધરા,

ગત રોજ ગુજરાત સરકાર દ્વારા નિમાયેલી ગુજરાત રાજય વક્ફ બોર્ડમાં સભ્ય તરીકે ગોધરામાં પાછલા પાંચ ટ્રમ થી નગર પાલિકામાં ચૂંટાય આવતા અને નગર પાલિકાના માજી ઉપપ્રમુખ સોફીયા અનવર જમાલની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે હજ કમિટીના સભ્ય તરીકે પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર ના વતની મહિલા રૂકૈયાબેન ગુલામહુસેનવાલાની નિમણૂક કરવામાં આવી હતી. જેને લઈ ગોધરા શહેર સહિત જીલ્લામાં ખુશીની લાગણી વ્યાપી હતી. જેને લઈ મુસ્લિમ સમાજના આગેવાનોએ નવનિયુકત સભ્યોની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેમાં મુસ્લિમ સમાજના હાજી ઈલયાસ બકકર (પાનવાલા) વસીમભાઈ, અસલા શકીલભાઈ ચિંતામાણ, વસીમ ભાઈ કેસરી સહીતના આગેવાનોએ બંને નવનિયુકત મહિલા સભ્યોને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી અને પંચમહાલ અને ગોધરાના ઈતિહાસમાં પ્રથમ વખત ગુજરાત સરકાર દ્વારા બે ગોધરાની મહિલાઓનો સમાવેશ કરાતા ગોધરામાં ખુશીની લાગણી ફેલાઈ છે.




ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ કુદ મંત્રાલય અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા ૧૪ સપ્ટેમ્બર૨૦૨૨નાં રોજ ગામ જોરાપુરા તાલુકો બાલાસિનોર જી.મહીસાગર ખાતે હિન્દી દિવસ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

## દાહોદ તાલુકામાં અનાસ નદીમાં પાણી વધવાની શકયતાને લઈ કાંઠાના ગામે એલર્ટ કરાયા

દાહોદ,

દાહોદ તાલુકામાં આવેલ અનાસ નદીમાં પાણી વધવાની શક્યતાઓ હોઈ નજીકના ગામોને દાહોદ તાલુકા તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ તાલુકામાં આવેલ અનાસ નદીમાં પાણીનો વધારો થઈ રહ્યો છે. જેને પગલે તારીખ ૧૫મી સપ્ટેમ્બરના રોજ ડિઝાસ્ટર શાખાની સુચના મુજબ અનાસ નદીના આસપાસ આવેલ ગામો જેવા કે, ટાંડા, ખેંગ, ઝરીખુર્દ, સાલાપાડા, ઉંડાર ગામોને એલર્ટ કરવામાં આવ્યાં છે, સાથે સાથે ગ્રામજનોને સતર્ક પણ કરવામાં આવ્યાં છે. સ્થાનીક સરપંચ અને તલાટીના સંપર્કમાં સતત દાહોદ તાલુકા વહીવટી તંત્ર છે અને અનાસ નદી પર સતત નજર પણ રાખી રહ્યું છે.

## ગોધરાના ગોઠડાની બાપા સીતારામ કવોરી માંથી કવોરી મટીરીયલ ખરીદી ૩૧.૮૯ લાખ નહિ ચુકવી છેતરપિંડી, વિશ્વાસઘાત કરતાં ગાંધીનગરના ઈસમ સામે ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના ગોઠડા ગામે આવેલ બાપા સીતારામ કવોરી માંથી ૨૦૧૩ થી ૨૦૧૪ દરમિયાન ગાંધીનગર માણસા રોડ સેકટર નં.૨૬માં રહેતા ઈસમે ખરીદી કરી નાણાં ચુકવી દેવાનો વાયદો કરી રૂપીયા ૩૧,૧૮,૩૬૧/-રૂપીયા અવાર-નવાર માંગણી કરવા છતાં નાણાં નહિ આપી છેતરપિંડી કરતાં આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ગોઠડા ગામે આવેલ બાપા સીતારામ કવોરીમાં ગાંધીનગર માણસા રોડ સેકટર-૨૬ દેવ કોમ્પલેકસમાં રહેતા માધુભાઈ શંકરભાઈ ચૌધરીને ૧૬ ઓકટોમ્બર ૨૦૧૩ થી ૩૦ જુન ૨૦૧૪ના વર્ષ દરમિયાન કવોરી મટીરીયલ મેટલની અલગ-અલગ તારીખે ખરીદી કરી હતી અને બાપા સીતારામ કવોરીના હર્ષદભાઈ પટેલને નાણાં ચુકવી દેવાનો પાકો ભરોસો આપીને કવોરી મટીરીયલ રૂપીયા ૩૧,૧૮,૩૬૧/- ખરીદી કરી હતી.

આ નાણાંની આરોપી પાસે અવારનવાર માંગણી કરવા છતાં નાણાં નહિ આપીને વિશ્વાસઘાત, છેતરપિંડી કરી ગુન્હો કર્યો હોય આ બાબતે કાંકણપુર પોલીસ મથકે માધુભાઈ શંકરભાઈ ચૌધરી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે છેતરપિંડી, વિશ્વાસઘાતના ગુનામાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.